# આદિવાસીઓને નકસલવાદના નામે ગુમરાહ કરાય છે : તુષાર ચૌધરી

## પારુલ ઈન્સ્ટિ.માં મેનેજમેન્ટના ૬૦ વિદ્યાર્થીઓને પદવીદાન કરાયું

ભાસ્કર ન્યૂઝ . વડોદરા

ગુજરાતમાં પ્રાથમિક શિક્ષણની સ્થિતિ કથળી ગઈ છે. જ્યારે નકલસલવાના નામે આદિવાસીઓને ગુમરાહ કરે છે. એમ કેન્દ્રના આદિવાસી વિકાસ મંત્રાલયના રાજયમંત્રી ડૉ. તુષાર ચૌધરીએ અત્રે જણાવ્યું હતું.

વાઘોડિયાના લીમડા ખાતે આવેલી પારૂલ ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટમાં પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન મેનેજમેન્ટના ૬૦ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરતાં કેન્દ્રના આદિજાતિ વિકાસ મંત્રાલયના રાજ્યમંત્રી ડૉ. તુષાર ચૌધરીએ આજનાં વિદ્યાર્થીઓમાં નૈતિક મૂલ્યોનાં ઊંચા ધોરણોની જાળવણી પર ભાર મુક્યો હતો.

ડૉ. તુષાર ચૌધરીએ જણાવ્યું હતુ કે ગામડાંઓની શાળાઓમાં પાણી અને સંડાસની પણ કમી છે. બને સુવિધાને લીધે છોકરીઓ સ્કૂલમાં જવાનું ટાળે છે. બીજી બાજુ રાજ્ય સરકાર પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી કાર્યક્રમો યોજીને કરોડો રૂપિયોનો ધૂમાડો કરે છે.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે આદિવાસીઓ નકસલવાદ સાથે ક્યાંય સંકળાયેલા નથી. કેટલાક તત્ત્વો આદિવાસીઓને ગુમરાહ કરીને નકસલવાદ પર લઈ જવાની વાતો કરી રહ્યા છે જે ઘણી જ ગંભીર બાબત છે. આવા લોકોનો મનસૂબો સાકાર નહીં થવા દેવાય. જ્યારે સંસ્થાના ચેરમેન ડૉ. જયેશ પટેલે પારુલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત વિવિધ શૈક્ષણિક ક્ષેત્રોની ૧૫ સંસ્થાઓ અને અંગેના ભવિષ્યના આયોજન અંગે જાણકારી આપી શુભેચ્છા પાઠવી હતી.



### ચોઇસ બેઇઝ્ડ ક્રેડિટ સિસ્ટમ હિતમાં હશે તો કેન્દ્રને પ્રસ્તાવ મૂકીશું

**એમ.એસ. યુનિવર્સિટીમાં** લાગુ થનાર ' ચોઇસ બેઇઝ્ડ ક્રેડિટ સિસ્ટમ ' બાદ ધીમે-ધીમે યુનિ.ની અન્ય ફેકલ્ટીઓમાં ચોઇસ બેઇઝ્ડ ક્રેડિટ સિસ્ટમ તરફેણ અને વિરોધમાં બે ભાગ પડી ગયા છ ત્યારે આજે કેન્દ્રના આદિજાતિ વિકાસ મંત્રાલયના રાજયમંત્રી ડૉ. તુષાર ચૌધરીએ જણાવ્યું હતું કે, સિસ્ટમ વિદ્યાર્થીઓના હિતમાં હશે તો ચોક્કસ હું મદદ કરીશ.